સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પટાવો પૂંછ તો 'મલાઈ' નું સૌંપાય છે ચિંતન !
અગત્યના કામો વચ્ચે પણ થોપાય છે ચિંતન !
કોપાય છે ચિંતન પીપુડી ન વગાડનારા પર -
આવનારી બધી ચિંતાઓનો ઉપાય છે ચિંતન...

હાઈકુ

અધિકારી ને
લે છે એ ઉંધે માથે -
યોગ-ચિંતન..
(કરો ઊંચા-નીચા)

રહ્યો કચરો !
ચાળેલા ગયા દિલ્હી -
રહી કણકી...
(ચલાવો કામ)

ચિંતન

જગદ્ધાયિત્વાત્ ।

ઉપરોક્ત સૂત્ર ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સૃષ્ટિરૂપી કર્મ જડચેતનાત્મક સમસ્ત જગતનું વાચક છે આથી એના કર્તા પરમાત્મા જ છે.

કૌષીતિક બ્રાહ્મણ ઉપનિષદમાં આવેલા અજાતશત્રુ અને બાલાકિના સંવાદને અનુલક્ષીને આ સૂત્ર લખાયું છે. એ સંવાદમાં બાલાકિ એ કહ્યું કે, 'જે આ સૂર્યમાં પુરુષ છે તેની હું ઉપાસના કરું છું.' આ જમણી આંખમાં જે પુરુષ છે તેની ઉપાસના કરું છું.'

એવી રીતે પોતાને સોળ પુરુષોની ઉપાસના કરવાવાળો કહ્યો છે. ત્યારે અજાતશત્રુએ જણાવ્યું કે, 'તું બ્રહ્મને નથી જાણતો. હું તને તેનો ઉપદેશ આપું છું. તારા કહેલા સોળ પુરુષોના જે કર્તા છે, અને જેમનાં આ બધાં કર્મ છે, તે જ જાણવા યોગ્ય છે.' એ પ્રમાણે ત્યાં પુરુષવાચક જીતાત્માને અને એના અધિષ્ઠાન જેવા જડ શરીરને પરમાત્માનું કર્મ કહ્યું છે. કર્મ અથવા કાર્ય શબ્દ સમસ્ત જગતનો વાચક છે. એટલે પ્રકૃતિ નહિ, પરંતુ પરમાત્મા જ જગતના એક માત્ર કારણ છે.

સુવિચાર

- ધર્મ જૂઠું બંધન છે, પરમાત્મા એક છે. તે લાચાર અને વિવશ નથી. પરમાત્મા તો ધર્મથી પર છે. ધર્મ આપણને સીમામાં બાંધી રાખે ચે, પરમાત્માથી વિખૂટા પાડે છે, તેથી ધર્મ આપણો શત્રુ છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- પછી ઉત્પન્ન થનારી સમગ્ર ઈચ્છાઓની પૂર્તિ કરતાં પહેલાં પહેલી જ ઈચ્છાનું દમન કરી દેવું સરળ અને શ્રેયકર છે - **નવનિત**
- જયારે માણસ ઉપાસનાનો આરંભ કરે છે ત્યારે તે પ્રગતિ તરફ ડગ ભરવાના શરૂ કરે છે - **જર્મન કહેવત**
- આપણી દીનતા, દરીદ્રતા વ્યક્ત કરીને આપણે આપણાં ઉન્નતિના બધાં દ્વાર બંધ કરી દઈએ છીએ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- એક વાતે દરેક યાદ રાખવી જોઈએ કે નિષ્ફળતા પોતાના પાલવમાં સફળતાના ફૂલ લઈને જ આવે છે - **ફાધર ડી'મેલો**
- બીજાઓનું પાપ આપણી આંખ સામે રહે છે અને પોતાનું પીઠ પાછળ ? - **આચાર્ય ચતુરસેન**
- આજનું ઔષધ : તુલસી અને સુરજમુખીના પાન વાટીને તેનો રસ પીવાથી બધી જાતના તાવ મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માઈકલ જયારે તેર વર્ષનો થયો ત્યારે એના પિતાએ એને એક જૂનું ટી-શર્ટ બતાવી અંદાજીત કિંમત પૂછી. માઈકલે કહ્યું, અંદાજે એક ડોલર, એટલે પિતાએ કહ્યું, આ ટી-શર્ટ વેચીને બે ડોલર લાવી આપ. માઈકલે ટી-શર્ટ સરસ રીતે જાતે ધોયું અને સરસ ઈસ્ત્રી કરી રેલવે સ્ટેશને ગયો. થોડા દિવસ પછી એવું જ બીજું ટી-શર્ટ આપીને તે વીસ ડોલરમાં વેચવા કહ્યું.

માઈકલે તે ટી-શર્ટ ધોઈ તેની ઉપર અબ્રાહ્મ લિંકનનો ફોટો પ્રિન્ટ કરાવ્યો અને શ્રીમંતોની સોસાયટીમાં પહોંચી ગયો. થોડી મહેનત થઈ પણ એક વ્યક્તિએ આ ટીશર્ટ વીસ ડોલરમાં ખરીદી લીધું અને માઈકલને એક ડોલરની ટીપ પણ આપી. થોડા વખત પછી માઈકલને એક નવું ટીશર્ટ આપ્યું અને તેને એક સો ડોલરમાં વેચી આપવા કહ્યું, આ વખતે માઈકલને નવો આઈડિયા આવ્યો તેણે એક ટીવીની જાણીતી એકટ્રેસનો ફોટોગ્રાફ અને એની સિગ્નેચર આ ટી-શર્ટ પર પ્રિન્ટ કરાવ્યું અને બજારમાં જઈ આ ટી-શર્ટની હરાજી બોલાવી. હરાજીમાં એક સો ડોલરથી શરુઆત કરી. અઢીસો ડોલરમાં આ ટીશર્ટ વેચાઈ ગયું. માઈકલના પિતાની આંખમાં ખુશીના આંસુ આવ્યા અને પિતાએ માઈકલને પૂછ્યું, 'આટલા દિવસથી તે ટી-શર્ટ વેચ્યા આ પરથી શું શીખ મળી ?' માઈકલે કહ્યું, 'પપ્પા, જયાં ઈચ્છા હોય છે ત્યાં રસ્તો આપોઆપ મળી આવતો હોય છે.' પિતાએ કહ્યું, 'મારો હેતુ તને એ સમજાવવાનો હતો કે જો આપણે આ નિર્જીવ કપડાની કિંમત પણ વધારી શકતા હોઈએ તો આપણે આપણી પોતાની કિંમત કેમ વધારી ન શકીએ ?' પિતાની આ શિખામણ ને કારણે માઈકલ જોર્ડન ઈતિહાસનો પહેલો અબજોપતિ બાસ્કેટ બોલનો ખેલાડી બન્યો.

ડિપ્રેશન સામે સુરક્ષા દીવાલ કયારે ઊભી કરીશું

તંત્રીસ્થાનેથી...

'રાષ્ટ્રસંત' જેવી પ્રતિષ્ઠિત ઓળખ ધરાવતા અને ઉચ્ચ પદાધિકારીઓ સહિત અનેક લોકોના આધ્યાત્મિક માર્ગદર્શક ગણાતા ભૈયુજી મહારાજ જિંદગીના મધ્યાહને આત્મહત્યા જેવું અરેરાટીભર્યું પગલું ભરે ત્યારે ક્ષણ પૂરતો સૌ કોઈને વિષાદ જાગે તે સ્વાભાવિક છે. આધ્યાત્મિક ગુરુઓની કૌભાંડલીલાઓ જાણીતી છે, પરંતુ ભૈયુજી મહારાજ કોઈ સંન્યાસી નહોતા. પ્રથમ પત્નીના અકાળ અવસાન બાદ એમને બીજાં લગ્ન પણ કરી લીધાં હતાં. મધ્યપ્રદેશ સરકારે એમને પાંચ પ્રતિષ્ઠિત સાધુ સંતો સાથે પ્રધાનનો દરજ્જો આપવાની જાહેરાત કરી ત્યારે એમને એનો અસ્વીકાર કરી સંતોને આવા રાજકીય હોદ્દા અને સરકારી સુવિધાઓ ન શોભે એવું નિવેદન કરી અન્ય પદવાંચ્છુ સાધુ મહાત્માઓને ક્ષોભજનક સ્થિતિમાં મૂકી દીધા હતા. આવા વિચારશીલ અને લોકપ્રિય આધ્યાત્મિક પુરુષને અકાળે જીવનનો અંત આણવાનો કપરો નિર્ણય કરવો પડે તે કેવી કરુણતા છે ! અણ્ણા હજારે અને બાબા રામદેવથી લઈ નરેન્દ્ર મોદી જેવી લોકપ્રિય પ્રતિભાઓ એમને આદરની દૃષ્ટિએ જોતી હતી. અનશન અને ધરણાં વખતે એમના હાથે લીંબુનું શરબત પીને આવી સેલિબ્રિટી કક્ષાની હસ્તીઓ ગૌરવ અનુભવતી હોય ત્યારે સ્વાભાવિક છે કે સમાજ એમની અણધારી વિદાયથી એક જબરદસ્ત આંચકો અનુભવે. ભૈયુજી મહારાજે કૌટુંબિક કારણોસર ભારે તનાવભરી સ્થિતિમાં આવું પગલું ભર્યું છે. એમની સ્યુસાઈડ નોટમાં એમણે આ મુદ્દે નિખાલસ એકરાર કર્યો છે. વળી પ્રથમ પત્નીના અવસાન પછી પુનર્લગ્ન કર્યા છે તે મહિલાને કે પ્રથમ પત્નીથી થયેલી દીકરી કુહૂને પોતાની સંપત્તિના વારસદાર ન બનાવતાં સેવાદાર વિનાયકને જ એમનો તમામ વારસો સોંપી જવાનું 'વિલ' સૂચક છે. ડિપ્રેશનમાં આવી ગયેલ ભૈયુજી મહારાજે આપઘાત કર્યો છે એ વર્તમાન યુગની મોટી કરુણાંતિકાનું જ એક નેત્રદીપક પ્રકરણ છે. જો આવી અધ્યાત્મવિદ્ પ્રતિભા પણ ડિપ્રેશનનો શિકાર બનતી હોય તો સામાન્ય માનવીનું શું ગજું ? આનો માનસિક વિટંબણામાંથી મુક્ત થવા કેનાલમાં કે પંખા સાથે લટકી પડતા દુખિયારા માણસો વિશે રોજેરોજ છપાતા અખબારી સમાચારો વાંચીએ છીએ; ક્ષણિક આંચકો અનુભવી આપણે એ બાબત પરથી ધ્યાન હટાવી દીએ છીએ. ખેડૂતોના આપઘાતનો પ્રશ્ન વધુ વિકરાળ સ્વરુપ ધારણ કરતો જાય છે. આવી દુર્ઘટનાઓના મૂળમાં આધુનિક જીવનશૈલીને કારણે તથા આર્થિક સંકડામણ કે પ્રેમસંબંધમાં આવતી અડચણને કારણે માણસ જિંદગી જેવી અમૂલક જણસને અકાળે ટૂંપાવી દેતો વરતાય છે. આખરે આ ડિપ્રેશન સામે પ્રતિકારશક્તિ કેળવનાર જ જીવે છે - ડાર્વિનનો સિદ્ધાંત 'સર્વાઈવલ ઑફ ધ ફિટેસ્ટ' અહીં પણ લાગુ પડે છે. સમાજશાસ્ત્રીઓ અને સરકારોએ આ મુદ્દે સહસિંચન કરી જીવનને વેડફી દેવાની વૃત્તિ સામે સંરક્ષણ દીવાલ ઊભી કરવાનો સમય પાકી ગયો છે.

બાળક : ભાવિ નિર્માતા

બાળક એ ભવિષ્યના સમાજનો પ્રાણ - ચેતના શક્તિ છે અને સમાજનો એ નિર્માતા છે. આ તથ્ય જો આપણને સમજાઈ જાય તો બાળખમાં ઉછેરમાં માતા-પિતા બંનેને રસ જાગવો જોઈએ. બાળક એ માત્ર કુટુંબનું જ એક અંગ નથી, સમગ્ર સમાજનું પણ એક અંગ છે. જતનપૂર્વક ઉછરેલો છોડ જતે દહાડે વૃક્ષ બની ફળ આપે છે. તેમ બાળક માટે લેવાયેલી કાળજીનો પૂરેપૂરો બદલો સમાજ ને મળી રહે છે. એટલે બાળક માટે સમાજ જે પરિશ્રમ કરે છે. તે એક પ્રકારે બદલવાની ખાતરીવાળું રોકામ છે. સમાજની આવતી કાલ બાળકની વાટ જોતી હોય છે. બાળકે મોટા થઈને કેવળ પોતાના કુટુંબની જવાબદારી ઉપાડી ને ઈતિ કર્તવ્યતા માની લેવાની નથી હોતી, બલકે સમાજના નિર્માણમાં પણ એણે બનતો ટેકો કરવાનો છે. પશુ સમાજ અને મનુષ્ય સમાજમાં આજ મૂળ ફરક છે. પશુ સમાજમાં દરેક પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમે છે. માનવ સમાજમાં બીજાના કલ્યાણનો વિચારને ઘણો અવકાશ હોય છે. એમાંય લોકોત્તર મનુષ્યો તો કેવળ બીજાના કલ્યાણ માટે જીવન સમર્પી દે છે. એટલે માતાપિતાએ યથાશક્તિ સહાયરૂપ થઈ શકે એ ખ્યાલથી પણ ઉછેરવાનું હોય છે. આ કારણે બાળઉછેર એ દરેક માબાપ પાસે કેટલીય લાયકાતની અપેક્ષા રાખે છે.

રંગ-ઉમંગ
કાનન ઓઝા

સૌ પ્રથમ તો બાળઉછેર એ પવિત્ર જવાબદારી છે. એવી સમજનું દૃઢ સ્થાપન નવદંપતિઓમાં થવું જોઈએ. આ પવિત્ર જવાબદારી પાછી સંયુક્ત જવાબદારી પણ છે. બાળકને જન્મમાં માતાપિતાની સરખી જવાબદારી હોય તો એનો ઉછેરમાં પણ બંનેની સંયુક્ત જવાબદારી જ હોય એ દીવા જેવી ચોખ્ખી વાત છે. બાળકના ઉછેરની ચિંતા કેવળ માતા પર નાખી દેવામાં માતા ને અને બાળકને બંને અન્યાય થાય છે.

દૂરદેશાવરથી કોઈ ખાસ મહેમાનને તેડાવવા હોય ત્યારે પતિપત્ની એનું પૂરતું આયોજન કરે છે. મહેમાન માટે ઘરમાં યથા શક્ય સુખ-સગવડનો પ્રબંધ કરે છે. તો પછી એક નવી હસ્તીના પ્રાર્દુભાવ માટે કેટલી બધી તૈયારી કરવી પડે ! અસ્તિત્વ ધારણ કરવું કે ન કરવું, અમુક ને ત્યાં કરવું કે અમુક ને ત્યાં એ બાળકની મરજીની વાત નથી હોતી, માતાપિતા અને જિંદગી ધારણ કરવાની ફરજ પડે છે. એટલે જિંદગી બાળક માટે બોજ ન બને, પણ ઉત્સવ બની રહે છે એવો એનો ઉછેર થવો જોઈએ. આ માટે બાળકના ઉછેરની પ્રત્યેક ક્ષણે પતિ-પત્નીએ સરખી કામગીરી ઉપાડવી જોઈએ.

રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

ખજાનો

૧ થલસેના દિવસ કયારે ઉજવાય છે?
(અ) ૧૫ જાન્યુઆરી (બ) ૨૬ જાન્યુઆરી
(ક) ૩૦ જાન્યુઆરી (ડ) ૨૭ી માર્ચ

૨ ૧૨મી માર્ચ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) રેટીયા દિવસ (બ) શહીદ દિન
(ક) દાંડી માર્ચ દિવસ (ડ) વિશ્વ વિરાસત દિવસ

૩ ડૉ. સી.વી. રામનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૧૬ માર્ચ (બ) ૨૮ ફેબ્રુઆરી
(ક) ૨૨ માર્ચ (ડ) ૨૨ એપ્રિલ

૪ રાષ્ટ્રીય શિક્ષક દિવસ કોની યાદમાં ઉજવવામાં આવે છે?
(અ) રવિન્દ્રનાથ ઠાકુર (બ) એમ. વિશ્વશ્વરૈયા
(ક) જવાહરલાલ નહેરુ (ડ) ડૉ. એસ. રાધાકૃષ્ણન

૫ ૧૨ નવેમ્બર ૧૯૪૭ના રોજ ઓલ ઈન્ડિયા રેડિયો પરથી કયો નતાએ કરેલા સંબોધનને રાષ્ટ્રીય પ્રસારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ?
(અ) ગાંધીજી (બ) સુભાષચંદ્ર બોઝ
(ક) જવાહરલાલ નહેરુ (ડ) સરદાર પટેલ

૬ રાષ્ટ્રીય ગણિત દિવસ (૨૨ ડિસેમ્બર) કયા ગણિતશાસ્ત્રીની યાદમાં ઉજવવામાં આવે છે?
(અ) આર્યભટ્ટ (બ) ડૉ. પી.વી.વૈદ્ય
(ક) રામાનુજન (ડ) ડૉ. વિક્રમ સારાભાઈ

૭ ૧૨ નવેમ્બર પક્ષી દિવસ કોની યાદમાં ઉજવાય છે. ?
(અ) હરગોવિંદ ખુરાના (બ) સલીમ અલી
(ક) જીમી કાર્ટર (ડ) ડૉ. રૂબીન ડેવિડ

૮ ૨૩ ડિસેમ્બર કયા ભૂતપૂર્વ વડાપ્રધાનની યાદમાં કિસાન દિન તરીકે ઉજવાય છે ?
(અ) ઈન્દિરા ગાંધી (બ) વિશ્વનાથ પ્રતાપસિંહ
(ક) દેવગૌડા (ડ) ચૌધરી ચરણસિંહ

૯ ૨જી ઓકટોબર ગાંધીજીની સાથે કયા નેતા સાથે પણ સંબંધિત છે ?
(અ) લાલબહાદુર શાસ્ત્રી (બ) ડૉ. રાધાકૃષ્ણન
(ક) વિનોબા બાવે (ડ) સરદાર પટેલ

૧૦ રાષ્ટ્રીય સામાજિક ન્યાય દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૧૬ સપ્ટેમ્બર (બ) ૨૫ સપ્ટેમ્બર
(ક) ૮ ઓકટોબર (ડ) ૮ માર્ચ

૧૧ ૨૩ માર્ચ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વિશ્વ ચકલી દિવસ (બ) વિશ્વ મોસમ દિવસ
(ક) વિશ્વ જલદિન (ડ) વિશ્વ સ્વાસ્થ્ય દિન

૧૨ ૬ ઓગસ્ટ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વિક્રમ સારાભાઈ જયંતી (બ) વિશ્વ પર્યટન દિવસ
(ક) હિરોશીમા દિવસ (ડ) કારગીલ દિવસ

૧૩ રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(અ) ૧૦ એપ્રિલ (બ) ૨ મે
(ક) ૨ નવેમ્બર (ડ) ૧૧મી મે

૧૪ કચ્છના લોકોનું નવું વર્ષ કયારથી શરૂ થાય છે?
(અ) અષાઢ સુદ બીજ (બ) કારતક સુદ એકમ
(ક) અખાત્રીજ (ડ) શ્રાવણ સુદ એકમ

૧૫ વૈશાખ સુધ ત્રીજ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) મહાવીર જયંતિ (બ) હનુમાન જયંતિ
(ક) ઋષિ જયંતિ (ડ) પરશુરામ જયંતિ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૧૬મી જુન :**
- ભારતની આઝાદી માટે પ્રાણ ત્યાગનાર રાષ્ટ્રભક્ત બાબુ ચિત્તરંજનદાસની પુણ્યતિથિ (૧૬-૬-૧૯૨૫)
- સંત અને કવિ કબીરની પુણ્યતિથિ (૧૬-૬-૧૫૧૮)
- રશિયાની વેલેન્ટીના તેરસ્કાવો વિશ્વની પ્રથમ મહિલા બની જેને અંતરીક્ષમાં કદમ મુક્યું (૧૬-૬-૧૯૬૩)
- ખંડકાવ્યના સર્જક મણિશંકર રત્નજીની પુણ્યતિથિ (૧૯૨૩)
- બોલીવુડના અભિનેતા મિથુન ચક્રવર્તીનો જન્મદિવસ (૧૯૫૦)
- **૧૭મી જુન : વિશ્વ રણવિસ્તાર અને દુષ્કાળ રોકથામ દિવસ**
- શાહજહાંની બેગમ મુમતાઝનું નિધન (૧૬૩૧)
- ચીને પ્રથમ પરમાણુ પરિક્ષણ કર્યું (૧૯૬૭)
- ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં હૃદયકુંજને નિવાસસ્થાન બનાવ્યું (૧૯૧૭)
- બંગાળના કેળવણીકાર પ્રફુલ્લ ચંદ્ર રેની પુણ્યતિથિ (૧૯૪૪)
- **૧૮મી જૂન :**
- ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું નિધન થયું (૧૯૫૮)
- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘ ચાલક કે.એસ. સુદર્શનજીનો જન્મ દિવસ (૧૯૩૧)
- મહારાણા પ્રતાપ અને અકબર વચ્ચે હલ્દીઘાટીમાં યુદ્ધ થયું (૧૫૭૬)
- વૉટર લૂના પ્રથમ યુદ્ધમાં નેપોલિયનની હાર (૧૮૧૫)
- દાદા ધર્માધિકારીની જન્મ જયંતિ (૧૮૯૯)
- **૧૯મી જુન :**
- ગુજરાતી રંગભૂમિના હાસ્યકલાકાર પી. ખરસાણીનો જન્મદિવસ (૧૯૨૬)
- સંત પાંડુરંગ આઠવલેની પુણ્યતિથિ
- રાજકીય પક્ષ શિવસેનાનો સ્થાપના દિવસ (૧૯૬૬)
- રાહુલ ગાંધીનો જન્મ દિવસ (૧૯૭૦)
- **૨૦મી જુન :**
- જાણીતા પક્ષીવિદ સલીમ અલીની પુણ્યતિથિ (૧૯૮૭)
- નવલકથાકાર વિક્રમ શેઠનો જન્મદિવસ (૧૯૫૨)
- ભારતના મહાન ઉદ્યોગપતિ લક્ષ્મણરાવ કિર્લોસ્કરનો જન્મદિવસ (૧૮૯૯)
- સાહિત્યકાર હીરાલાલ ત્રિભોવનદાસ પારેખની પુણ્યતિથિ (૧૯૩૮)
- **૨૧ જુન : વર્લ્ડ મ્યુઝિક ડે / વિશ્વ યોગા દિન**
- લોર્ડ માઉન્ટ બેટન ગર્વનર જનરલ પદેથી રાજીનામું આપ્યું (૧૯૪૮)
- સી. રાજગોપાલાચારી ભારતના અંતિમ ગવર્નર જનરલ બન્યા (૧૯૪૮)
- નરસિંહ રાવ ભારતના વડાપ્રધાન બન્યા (૧૯૯૧)
- આર.એસ.એસ. ના સ્થાપક ડૉ. હેડગોવરજીનું નિધન (૧૯૪૮)
- **૨૨ જુન :**
- ઈટલીના રાજનીતીજ્ઞ નિકોલા મેકયાવેલીનું નિધન (૧૫૨૭)
- દુનિયામાં પ્રથમવાર લોન ટેનિસ રમત અસ્તિત્વમાં આવી (૧૮૭૪)
- બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીના હાથે ફ્રાન્સનો પરાજય (૧૯૪૧)
- મહાન અંગ્રેજી કવિ અને વિવેચક વોલ્ટ-દ-લામેરની પુણ્યતિથિ (૧૯૫૬)

ગત સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં કયા ગુજરાતી સાહિત્યકારનું અવસાન થયું ?
જવાબ : વિનોદ ભટ્ટ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૩) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમંતી આનંદીબેન હાલમાં કયા રાજયના ગર્વનર છે

'ગાંધીનગર સમાચાર'-
ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

કળિયુગની ભવિષ્યવાણી

વિષ્ણુપુરાણ (ઈ.સ. ૪૦૦ - ૫૦૦) માં મુનિ પરાશન અને એના શિષ્ય મૈત્રેયનો એક સંવાદ છે. આમાં ગુરુ શિષ્યને કાળધર્મનું નિરુપણ કરે છે. તે આ રીતે છે :



સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ - ચાર યુગ છે. આ ચારેયનો કુલ સમયગાળો ૧૨,૦૦૦ વર્ષનો છે.

શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ થયો એમણે દેહ મૂક્યો; પછીથી કળિયુગનો પ્રારંભ થયો છે.

આ યુગના લક્ષણો કેવા હશે, મનુષ્ય ઉપર એનો કેવો પ્રભાવ હશે એની કેટલીક વિશેષતાઓ હશે :

(૧) દરેક ક્ષેત્રમાં મનુષ્યનું આચરણ મર્યાદા વગરનું હશે.

(૨) લોકો અધર્મ આચરશે. લોકોની રૂચિ, ધર્મ કર્મ, જપ તપમાં ઓછી થશે. વ્રત અનુષ્ઠાન કરશે ખરા, પરંતુ પોતાની અનુકૂળતા પ્રમાણે કરશે. યજ્ઞયાગ ઓછાં થઈ જશે.

(૩) વેદ પ્રત્યેની આસ્થા નાશ પામશે. વેદના વિદ્વાનોની ઉણપ વર્તાશે. વેદનાં અધ્યયનો ઓછાં થઈ જશે.

(૪) લોકો સ્નાન શૌચકર્મ, ધ્યાન અને પૂજા કર્યા વગર જ ભોજન લેશે. ધર્મકર્મ અને દાનદક્ષિણામાં ધન વપરાશે નહિ. વ્યસનોમાં વપરાશે.

(૫) લોકોમાં લોભલાલચ વધી જશે. લોકો સ્વાર્થી, ધૂર્ત અને જૂઠાબોલા થશે. ગાયો દૂધ આપતી બંધ થાય, પછી કસાઈને વેંચી દેશે.

(૬) મનુષ્ય નાની ઉંમરમાં વૃદ્ધ થઈ જશે અને નાની ઉંમરમાં મૃત્યુ પામશે. દુર્ગુણી અને દુષ્ટ લાંબુ જીવશે.

(૭) ચાર વર્ણો છે - બ્રાહ્મણો, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. ચાર આશ્રમો છે - વિદ્યાભ્યાસ (બ્રહ્મચર્ય), ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ. ઓ સૌના અલગ અલગ કર્તવ્યો છે. અને ધર્મો છે. પરંતુ લોકો આનું પાલન નહિ કરે અને એનાથી પ્રતિકૂળ હોય, એવું વર્તન કરશે. આને કારણે અરાજકતા ફેલાશે.

(૮) દંભ અને પાખંડની બોલબાલા થશે.

(૯) ગુરુ અને શિષ્યનો ભાવ એકબીજા માટે નહિ રહે. ગુરુમાં ગુરુપણ નહિ રહે, શિષ્યમાં શિષ્યત્વ નહિ રહે.

(૧૦) સત્પુરુષોનું સમાજમાં સ્થાન નહિ રહે. દુષ્કર્મીઓને સમાજમાં પૂજા અને આદર મળશે.

(૧૧) જેની પાસે પુષ્કળ ધનસંપત્તિ હશે, એ જ ગુણીયલ અને ચારિત્ર્યવાન ગણાશે. સત્તાસ્થાનો એની પાસે જ રહેશે. નિર્બળ અને નિર્ધનને એમની સેવામાં રહેવું પડશે.

(૧૨) રાજા શાસક છે. પરંતુ એ પ્રજાનું હિત નહીં વિચારે. એની રક્ષા નહીં કરે. શાસકને પ્રજાનું ધન લૂંટવામાં જ રસ રહેશે.

(૧૩) કોઈ મનુષ્ય ગમે તેટલો વિદ્વાન હોય, ગમે તેટલો સદ્‌ગુણી હોય, પરંતુ સમાજમાં એની કિંમત નહિં હોય, એનો કોઈ પ્રભાવ નહિં રહે.

(૧૪) થોડુંક ધન મળતાં જ લોકો અભિમાની બની જશે, અને બીજાને ઠુકરાવશે.

(૧૫) લોકો પોતાના સાસુ-સસરાને જ વડીલ માનશે. સાળાને જ પોતાનો હિતેચ્છુ માનશે. પોતાના માતાપિતા સાથે દુશ્મન જેવો વ્યવહાર કરશે.

(૧૬) યજ્ઞ, વેદ, જળ - આ બધાં મનુષ્યને પવિત્ર કરતા હોય છે, પરંતુ લોકો આવી પવિત્રતાને માનશે નહિ.

(૧૭) આ બધું હોવા છતાં - આ ચારેય યુગમાં કળિયુગ છે. તે શ્રેષ્ઠ છે. આ યુગની આ પણ એક વિશેષતા છે - મનુષ્ય ક્ષણ માટે ઈશ્વરમાં ધ્યાન લગાવશે, થોડુંક પણ સત્કર્મ કરશે અથવા ધર્મકર્મ શ્રદ્ધાથી કરશે. તો એને મનોવાંછિત ફળ મળશે. જે ફળ સતયુગમાં દસ વર્ષની તપસ્યા પછી મળે, ત્રેતામાં એક વર્ષ મળે, દ્વાપરમાં એક માસમાં મળે તે ફળ કળિયુગમાં એક દિવસરાતમાં મળી જશે. ધ્યાન કે સમાધિ - કશુ નહિં, માત્ર હરિનામનાં સંકીર્તનથી જ પુણ્યફળ મળી જશે. થોડા પ્રયત્ને પુણ્યફળ અપાવી શકે; એથી ચારેયમાં જે શ્રેષ્ઠ છે, તે કળિયુગ છે.

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા